JAGO GRAHAK JAGO

# “હું કોમોડિટીના વાયદામાં ડબ્બા ટ્રેડિંગથી દૂર રહું છું”



**ડબ્બા ટ્રેડિંગ (એક્સચેન્જની બહાર થતા સોદા) જોખમી અને ગેરકાનૂની છે**

- ફોરવર્ડ કોન્ટ્રેક્ટ્સ રેગ્યુલેશન એક્ટ (એફસીઆરએ), ૧૯૫૨ના અન્વયે ડબ્બા ટ્રેડિંગ અથવા એફએમસી દ્વારા નિયમન કરાતું હોય તેવા એક્સચેન્જોને બદલે બહાર થતા કોમોડિટી વાયદાનાં કામકાજ ગેરકાનૂની છે.
- ડબ્બા ટ્રેડિંગ જોખમી છે, કારણ કે તેમાં કાઉન્ટર પાર્ટીના ડિફોલ્ટના જોખમ સામે રક્ષણ પ્રાપ્ત થતું નથી, આ બાંયધરી કોમોડિટી વાયદાના એક્સચેન્જો પોતાને ત્યાં થતાં કામકાજ માટે પૂરી પાડે છે.

**મારા કોમોડિટી વાયદાનાં કામકાજના રેકોર્ડની ચકાસણી માટે હું આગ્રહી છું.**

- મારા સોદા સંબંધી તમામ રેકોર્ડ્ઝ (કોન્ટ્રેક્ટ નોટ્સ વગેરે)ની જાળવણી પર હું ભાર મૂકું છું.
- હું આ રેકોર્ડ્ઝની ખરાઈની ચકાસણી સોદાના દિવસથી કાર્યકાળના પાંચ દિવસ સુધી એક્સચેન્જની વેબસાઈટ પર ઉપલબ્ધ વિગતવાર માહિતીની સાથે કરું છું.

**ડબ્બા ટ્રેડિંગમાં કોઈ વાંધા ઊભા થાય તો તેની પતાવટ કોમોડિટી એક્સચેન્જો કરી શકતા નથી**

- ડબ્બા ટ્રેડિંગને કારણે ઊભા થયેલા વિવાદની ફરિયાદ માત્ર પોલીસ ખાતામાં થઈ શકે છે.
- જોકે, કોમોડિટી વાયદાના એક્સચેન્જોમાં થયેલા સોદા સંબંધી વિવાદની પતાવટ એક્સચેન્જ દ્વારા અથવા તેના પેટા નિયમો અને નિયમનો અનુસાર પૂરા પડાયેલા લવાદ મારફત કરી શકાય છે.

## સલામતીપૂર્વકનો વેપારઃ શાંતિમય વેપાર
## માત્ર કોમોડિટી એક્સચેન્જો પર જ વેપાર કરો

**જનહિતમાં જારીઃ**

Forward Markets Commission

**ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય**
ગ્રાહક બાબતોનું ખાતું, ભારત સરકાર,
કૃષિ ભવન, નવી દિલ્હી - ૧૧૦ ૦૦૧,
વેબસાઈટઃ www.fcamin.nic.in

**જો આપને ગેરકાયદે વાયદા વેપારની પ્રવૃત્તિ દેખાય તો, મહેરબાની કરીને સંપર્ક કરોઃ**
ફોરવર્ડ માર્કેટ્સ કમિશન, ત્રીજા માળે, ૧૦૦, મરીન ડ્રાઈવ, મુંબઈ ૪૦૦ ૦૦૨,
ટે.નં.: ૦૨૨-૨૨૭ ૯૫૩ ૦૦, ફેક્સઃ ૦૨૨-૨૨૮૧ ૨૦૮૬, ઈ-મેલઃ contact.fmc@nic.in

# કોમોડિટી બજારનાં રોકાણમાં <u>વળતર નિશ્ચિત</u> હોતું નથી.

JAGO GRAHAK JAGO



કોમોડિટી બજારોમાં <u>જોખમ એ રોકાણનો એક અંતર્ગત અંશ છે</u> અને આ બજારમાં વળતરની નિશ્ચિત ખાતરી હોતી નથી.

કોમોડિટી વાયદા બજારોમાં આપના રોકાણ પર નિશ્ચિત અને ઊંચા વળતરના વચન આપતી તમામ <u>પ્રોત્સાહક અને વેચાણની જાહેર ખબરો/સાહિત્ય/ચર્ચાથી સાવધ રહો.</u>

પૂરી જાણકારી સાથેનો નિર્ણય લેવા માટે તમે જેમાં રોકાણ કરો છો <u>તે કોમોડિટીઝના હાજર બજારોનું જ્ઞાન</u> હોવું આવશ્યક છે.

ભાવ અંગેની ટિપ્સ અને અફવાઓ પર ધ્યાન ન આપો. તેમાં સફળતાપૂર્વક વેપાર કરવા તમે જાતે જ હોમવર્ક કરો.

**જનહિતમાં જારીઃ**

Forward Markets Commission

सत्यमेव जयते

**ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય**
ગ્રાહક બાબતોનું ખાતું, ભારત સરકાર,
કૃષિ ભવન, નવી દિલ્હી - ૧૧૦ ૦૦૧,
વેબસાઈટઃ www.fcamin.nic.in

**જો આપને કોમોડિટી વાયદાના સંબંધમાં ગેરમાર્ગે દોરતી સેલ્સ પ્રમોશનની પ્રવૃત્તિ દેખાય તો, મહેરબાની કરીને સંપર્ક કરોઃ**
ફોરવર્ડ માર્કેટ્સ કમિશન, ત્રીજા માળે, ૧૦૦, મરીન ડ્રાઈવ, મુંબઈ ૪૦૦ ૦૦૨,
ટે.નં.: ૦૨૨-૨૨૭ ૯૫૩ ૦૦, ફેક્સઃ ૦૨૨-૨૨૮૧ ૨૦૮૬, ઈ-મેલઃ contact.fmc@nic.in

JAGO GRAHAK JAGO

# ‘‘હું માત્ર
# કોમોડિટી વાયદાનાં માન્યતાપ્રાપ્ત એક્સચેન્જો
# પર જ ધંધો કરું છું’’



- **મારા રોકાણને કઈ રીતે સલામત રાખવું તે હું જાણું છું**

➡ હું માત્ર કોમોડિટી વાયદાના નિયંત્રિત એક્સચેન્જો પર જ વેપાર કરું છું. માન્ય એક્સચેન્જોની બહાર (ડબ્બા ટ્રેડિંગ) કરાતા વેપાર ગેરકાયદે છે અને તેમાં મારું રોકાણ (માર્જિન મની) ગુમાવવાનું જોખમ રહેલું છે.

- **કોમોડિટી વાયદાના માન્યતાપ્રાપ્ત એક્સચેન્જોમાં વેપાર પારદર્શક હોય છે અને તે દરેકને સમાન પહોંચ પૂરી પાડે છે.**

➡ નિયંત્રિત કોમોડિટી વાયદાના એક્સચેન્જો પ્રવેશના સર્વસાધારણ ધોરણોને આધીન તમામને એકસમાન પહોંચ પૂરી પાડે છે.

- **માન્ય કોમોડિટી એક્સચેન્જોમાં વેપાર મને મારા નાણાંની સલામતી અને વાજબી વેપારની માનસિક શાંતિ બક્ષે છે.**

➡ માન્ય કોમોડિટી એક્સચેન્જો કોન્ટ્રેક્ટના ધારાધોરણો મુજબ ગુણવત્તા, જથ્થા, ભાવ, પતાવટ વગેરેની ખાતરી આપે છે.

- **વિવાદના કિસ્સામાં કોમોડિટી વાયદાના એક્સચેન્જ મારા હિતોની સુરક્ષા કરે છે.**

➡ કોમોડિટી વાયદાના એક્સચેન્જ સોદાની તમામ વિગતો સાથે ઓર્ડરના અમલના પુરાવા તરીકે કોન્ટ્રેક્ટ નોટ ઈશ્યુ કરવાનું સુનિશ્ચિત કરે છે, જેથી કોઈપણ વાંધા કે વિવાદનું નિરાકરણ કરવાનું મારા માટે શક્ય બને છે. એક્સચેન્જની બહાર થતા સોદા ગેરકાનૂની હોઈ તે મારા વાંધાના સંબંધમાં કાયદાકીય ઉપાય/નિરાકરણ પૂરું પાડતા નથી

## સલામતીપૂર્વકનો વેપાર: શાંતિમય વેપાર
## માત્ર કોમોડિટી એક્સચેન્જો પર જ વેપાર કરો

**જનહિતમાં જારી:**

Forward Markets Commission

सत्यमेव जयते

**ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય**
ગ્રાહક બાબતોનું ખાતું, ભારત સરકાર,
કૃષિ ભવન, નવી દિલ્હી - ૧૧૦ ૦૦૧,
વેબસાઈટ: www.fcamin.nic.in

**જો આપને ગેરકાયદે વાયદા બજારની પ્રવૃત્તિ ધ્યાનમાં આવે તો, મહેરબાની કરીને સંપર્ક કરો:**
ફોરવર્ડ માર્કેટ્સ કમિશન, ત્રીજા માળે, ૧૦૦, મરીન ડ્રાઈવ, મુંબઈ ૪૦૦ ૦૦૨,
ટે.નં.: ૦૨૨-૨૨૭ ૯૫૩ ૦૦, ફેક્સ: ૦૨૨-૨૨૮૧ ૨૦૮૬, ઈ-મેલ: contact.fmc@nic.in

JAGO GRAHAK JAGO

# કોમોડિટી વાયદામાં છેતરપિંડીની ભીતિ વગર વેપાર કરો.

## તમારા અધિકારોને જાણો...

- જે સોદો થયો હોય તેની કોન્ટ્રેક્ટ નોટ મેળવવાનો આગ્રહ રાખો
- તમારી ફરિયાદના નિરાકરણ માટે એક્સચેન્જ અથવા ફોરવર્ડ માર્કેટ કમિશન (એફએમસી)નો સંપર્ક કરો
- તમારા ખાતામાં ટ્રેડિંગ અકારણ વિલંબ વગર તમારા ચોક્કસ સૂચનો મુજબ જ થયું હોવાની ખાતરી કરો
- તમારા લેજર એકાઉન્ટની વિગતો સમયાંતરે મેળવવાનો આગ્રાહ રાખો
- સોદાનાં કામકાજ માત્ર ચેકની લેવડદેવડથી જ કરો



**સલામતીપૂર્વકનો વેપાર; તમારા અધિકારોને જાણો**
**માત્ર કોમોડિટી એક્સચેન્જો પર જ વેપાર કરો**

જનહિતમાં જારીઃ

Forward Markets Commission

सत्यमेव जयते


**ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય**
ગ્રાહક બાબતોનું ખાતું, ભારત સરકાર,
કૃષિ ભવન, નવી દિલ્હી - ૧૧૦ ૦૦૧,
વેબસાઈટઃ www.fcamin.nic.in


**જો આપને કોમોડિટીઝ વાયદા વેપારમાં કોઈ વાંધો ઉભો થયો હોય, મહેરબાની કરીને સંપર્ક કરોઃ**


ફોરવર્ડ માર્કેટ્સ કમિશન, ત્રીજા માળે, ૧૦૦, મરીન ડ્રાઈવ, મુંબઈ ૪૦૦ ૦૦૨,
ટે.નં.: ૦૨૨-૨૨૭ ૯૫૩ ૦૦, ફેક્સઃ ૦૨૨-૨૨૮૧ ૨૦૮૬, ઈ-મેલઃ contact.fmc@nic.in

JAGO GRAHAK JAGO

# “હું રોકાણના મારા નિર્ણયો જાતે જ લઉં છું”



- હું કોમોડિટીઝ અંગે જાતે જ સંશોધન કરું છું અને મારા નિર્ણય મુજબ જ રોકાણ કરું છું

➡ માગ અને પુરવઠાના પરિબળો, વ્યાજ દરો, વિનિમય દરો ઉપરાંત સરકારી નીતિ પણ કોમોડિટીના ભાવો પર અસર કરે છે.મારા ટ્રેડિંગ કરવાના નિર્ણય પૂર્વે ભાવચાલક આ પરિબળોની માહિતી હું વિશ્વસનીય સ્વતંત્ર સ્રોતો પાસેથી પ્રાપ્ત કરું છું.

- નિશ્ચિત વળતરના ખોટા પ્રલોભનોથી હું દોરવાઈ જતો નથી

➡ કોમોડિટી વાયદા બજારમાં વળતર નિશ્ચિત હોતું નથી

- હું પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસીઝ (પીએમએસ)નો લાભ લેતો નથી

➡ કોમોડિટીઝમાં પીએમએસ સર્વિસીઝને કોમોડિટી વાયદા બજારના નિયમનતંત્ર ફોરવર્ડ માર્કેટ કમિશન (એફએમસી)ની મંજૂરી મળી નથી અને તે ગેરકાયદે છે

- આ મારા નાણાં છે; હું પોતે જ તેનો પ્રબંધ કરીશ

➡ મને સમજણ ન હોય એવી કોમોડિટીઝમાં હું રોકાણ કરતો નથી કોમોડિટીઝમાં રોકાણ સિક્યોરિટીઝ અને અન્ય સાધનોમાં થતા રોકાણથી અલગ હોવાની મને જાણ છે. મૂળભૂત પરિબળોના જ્ઞાન વગર હું મારા પરિશ્રમથી મેળવાયેલાં નાણાંને જોખમમાં મૂકતો નથી

## કોમોડિટી વાયદામાં ટ્રેડિંગ કરતાં વણમાગી ટિપ્સ અને પ્રલોભનોના શિકાર ન બનશો


જનહિતમાં જારીઃ

Forward Markets Commission

सत्यमेव जयते



**ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય**
ગ્રાહક બાબતોનું ખાતું, ભારત સરકાર,
કૃષિ ભવન, નવી દિલ્હી - ૧૧૦ ૦૦૧,
વેબસાઈટઃ www.fcamin.nic.in


**જો કોઈ કોમોડિટી વાયદામાં પીએમએસ માટે આપની પાસે આવે તો, મહેરબાની કરીને સંપર્ક કરોઃ**


ફોરવર્ડ માર્કેટ્સ કમિશન, ત્રીજા માળે, ૧૦૦, મરીન ડ્રાઈવ, મુંબઈ ૪૦૦ ૦૦૨,
ટે.નં.: ૦૨૨-૨૨૭ ૯૫૩ ૦૦, ફેક્સઃ ૦૨૨-૨૨૮૧ ૨૦૮૬, ઈ-મેલઃ contact.fmc@nic.in

JAGO GRAHAK JAGO



# “હું વાયદા બજારનો એક આદર્શ ટ્રેડર છું”

- હું માત્ર માન્ય કોમોડિટી વાયદાનાં એક્સચેન્જોમાં જ વેપાર કરું છું
  - ➡ એક્સચેન્જની બહાર કરાતાં કામકાજ ગેરકાયદે હોવાની મને જાણ છે
- હું ફોરવર્ડ માર્કેટ કમિશન (એફએમસી) સાથે રજિસ્ટર્ડ બ્રોકર્સ/સભ્યો મારફત જ વેપાર કરું છું. આવા બ્રોકરોની યાદી એક્સચેન્જોની વેબસાઈટ્સ પર ઉપલબ્ધ છે
  - ➡ હું મારા બ્રોકરની વિશ્વસનિયતાની ચકાસણી કરું છું
- ટ્રેડિંગ પૂર્વે નિશ્ચિત વળતરના વચનોના પ્રલોભનમાં ફસાતો નથી
  - ➡ હું ટ્રેડિંગ કરતાં પહેલાં મારી રીતે પોતે સંશોધન કરું છું

    ટ્રેડિંગ કરતાં પહેલાં કોન્ટ્રેક્ટના ધારાધોરણો અને ડિલિવરી તથા પતાવટના વિધિક્રમનો અભ્યાસ કરું છું
- હું બજારના તમામ ટ્રાન્ઝેક્શનનો ચકાસણી સાથેનો રેકોર્ડ રાખું છું
  - ➡ હું મારા બ્રોકર પાસેથી કોન્ટ્રેક્ટ નોટ્સ, રસીદ અને એકાઉન્ટ સ્ટેટમેન્ટનો આગ્રહ રાખું છું. એક્સચેન્જની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી સાથે તેની ચકાસણી કરું છું
- હું મારા નિયુક્ત ખાતામાંથી કાયમ ચેક મારફત જ ચુકવણી કરું છું
  - ➡ હું બ્રોકરને તેના નામે ચેક (માર્જિન મની સહિત) મારફત ચુકવણી કરીને રસીદ મેળવવાનો આગ્રહ રાખું છું અને તે કાળજીપૂર્વક સાચવું છું અને એક્સચેન્જના પે-આઉટના ૪૮ કલાકમાં નાણાં પ્રાપ્ત કરવા માટે હું હક્કદાર હોવાની મને જાણ છે
- હું જોખમ લેવાની ક્ષમતા અને રોકાણની મર્યાદાના આધારે વેપાર કરું છું
  - ➡ જોખમ લેવાની મારી ક્ષમતાને હું જાણું છું અને જંગી નફાના પ્રલોભન દ્વારા ઓવર ટ્રેડિંગ કરવાથી અલિપ્ત રહું છું

## કોમોડિટી વાયદાના વેપારના નિયમો અને જોખમોને સમજો અને ત્યારપછી એક્સચેન્જો પર વેપાર કરો

જનહિતમાં જારીઃ

Forward Markets Commission

सत्यमेव जयते

**ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય**
ગ્રાહક બાબતોનું ખાતું, ભારત સરકાર,
કૃષિ ભવન, નવી દિલ્હી - ૧૧૦ ૦૦૧,
વેબસાઈટઃ www.fcamin.nic.in

**જો આપને બ્રોકરો અથવા એક્સચેન્જો સામે કોઈ વાંધો ઉભો થયો હોય, મહેરબાની કરીને સંપર્ક કરોઃ**

ફોરવર્ડ માર્કેટ્સ કમિશન, ત્રીજા માળે, ૧૦૦, મરીન ડ્રાઈવ, મુંબઈ ૪૦૦ ૦૦૨,
ટે.નં.: ૦૨૨-૨૨૭ ૯૫૩ ૦૦, ફેક્સઃ ૦૨૨-૨૨૮૧ ૨૦૮૬, ઈ-મેલઃ contact.fmc@nic.in